**SMRY 74/2022**

## <u>હુકમ</u>

હાલનો કેસ આજરોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં મુકવામાં આવેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બિલ વિગેરેની રકમ આરોપીએ ભરપાઇ કરી દીધેલ હોય, તે અંગેની પુરશીશ ફરીયાદ પક્ષે આંક–૨ થી રજુ કરેલ છે. મહેસાણા યુ.જી.વી.એન.એલ, દ્વારા ગ્રાહક/બિનગ્રાહક ઉપર વીજચોરી સંબંધે ધી ઇલેક્ટ્રીસીટી એકટની ૨૦૩ ની કલમ–૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી આ કાયદાની કલમ–૧૫૨ મુજબ જો ગુનો પ્રથમવારનો હોઇ અને ગ્રાહક વીજચોરીની રકમ ભરવા તૈયાર હોઇ તો આ કાયદાની કલમ–૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે. મહેસાણા જી.યુ.વી.એન.એલ, આરોપી સામે ધી ઇલેકટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ એ હેઠળ વીજચોરી અંગેની <u>FIR No. 363/2018 </u>થી મહેસાણ યુ.જી.વી.સી.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે નોંધાવેલી છે.

ત.ક.અમલદારના ક્રિ.પો.કોડની કલમ–૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વીજચોરી તથા કંપાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઇ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમવારનો ગુનો છે.

સબબ ધી ઇલેકટ્રીકટ સીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ જયારે ફરીયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ના હોઇ, હાલનો કેસ કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ના હોઇ માંડવાળ કરવામાં આવે છે.

આજ રોજ લોક અદાલતમાં હુકમ જાહેર કર્યો.

થરાદ
તા.૧૨/૧૧/૨૦૨૨

(પી.જે.તમાકુવાળા)
એડી.સેશન્સ જજ
થરાદ